Divyabhaskar(Suppl.: Citybhaskar)

EDII

November 19, 2024
Pg. 10

### સર્ક્યુલર ઈકોનોમી, સસ્ટેનેબિલિટી, એન્ટરપ્રાઇઝના વિકાસ પર સેશન યોજાયું

# સર્ક્યુલર ઇકોનોમી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસ ઇકોનોમિક ગ્રોથ માટે મહત્ત્વના છેઃ ડૉ.રાજેશ



ગાંધીનગરઃ EDII દ્વારા 'સર્ક્યુલર ઈકોનોમી, સસ્ટેનેબિલિટી, એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ' પર પ્રથમ ઈન્ટરનેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો. આ પહેલ કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલયના આઈટીઈસી (ઈન્ડિયન ટેકનિકલ અને ઈકોનોમિક કો-ઓપરેશન) પ્રોગ્રામ દ્વારા સમર્થિત છે. જેમાં 22 દેશોના 28 પ્રતિનિધિઓએ ભાગ લીધો છે, જેમાં મુખ્યત્વે સરકારી મંત્રાલયો અને વિવિધ વિભાગના પ્રતિનિધિનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં આંત્રપ્રિન્યોરશિપ, સસ્ટેનેબિલિટી પ્રિન્સિપલ એન્ડ ઈકોનોમિક ડેવલપમેન્ટ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરાઈ. આ કોર્સ ગ્લોબલ લેવલે સર્ક્યુલર ઈકોનોમી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસમાં વધારો કરવાનું લક્ષ્ય છે. EDIIના પ્રોગ્રામ ડિરેક્ટર ડૉ. રાજેશ ગુપ્તાએ જણાવ્યુ કે, 'સર્ક્યુલર ઈકોનોમી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસ ઈકોનોમિક ગ્રોથ માટે મહત્વના છે. આ કોર્સ દરેક દેશની ઈકોનોમિક સિસ્ટમમાં સસ્ટેનેબિલિટીને અમલમાં લાવવા માટે તૈયાર કરશે.'

### આ કોર્સને મુખ્ય 3 મૉડ્યુલમાં વહેંચવામાં આવ્યો છે...

- **સર્ક્યુલર ઈકોનોમીનું સંકલનઃ** સર્ક્યુલર ઈકોનોમીને આંત્રપ્રિન્યોરશિપમાં અસરકારક રીતે એકીકૃત કરવા માટેના પ્રયત્નો.
- **સસ્ટેનેબિલિટી ફેક્ટર્સઃ** બિઝનેસમાં સસ્ટેનેબલ પ્રેક્ટિસ, સ્ટેકહોલ્ડર્સની જવાબદારી, પોલિસી ફ્રેમવર્કના માપદંડો.
- **ઈમ્પેક્ટ જાણવીઃ** સસ્ટેનેબિલિટીના પ્રભાવને માપવો અને તેનું રિપોર્ટિંગ કરવાની ટ્રેનિંગ.